Extra No. 279

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, JULY 29, 2025 / SRAVANA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગના તારીખઃ ૨૩મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીકે/૧૨/એલડી/૧૦૨૦૨૫/કોમ્યુનિટિ સર્વિસ/૦૨/ડી સેક્શન-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

Bharatiya Nyaya Sanhita, 2023.

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ

જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૨૦૨૫

ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩.

ક્રમાંકઃ જીકે/૧૨/એલડી/૧૦૨૦૨૫/કોમ્યુનિટિ સર્વિસ/૦૨/ડી સેક્શનઃ- ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૫ મા)ની કલમ ૪ ના ખંડ (છ) અનુસાર, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત હાઇકોર્ટ સાથે વિચારવિનિમય કરીને, શિક્ષા તરીકે સામુદાયિક સેવા આપવા માટે નીચેની માર્ગદર્શિકા કરે છે :-

અનુ ક્રમાંક	સામુદાયિક સેવા	સેવાનું સ્થળ/ કચેરી	અધિકૃત અધિકારી	દેખરેખ સત્તાધિકારી	સામુદાયિક સેવાનો સમયગાળો
૧	વોર્ડ અને (તેના) સીમાક્ષેત્રની સફાઇ/ નિભાવ	સરકારી હોસ્પિટલ/ સરકારી દવાખાના	આરએમઓ/ ડીન અથવા મુકરર અધિકારી	જિલ્લા પરિવીક્ષા અધિકારી અથવા રાજ્ય સરકાર અથવા કોર્ટ દ્વારા આ હેતુ માટે નિમણૂક કરેલા અથવા મુકરર કરેલા અન્ય અધિકારી	એક દિવસથી એકત્રીસ દિવસ અથવા ચાલીસ કલાકથી બસો ચાલીસ કલાક
૨	અકસ્માત/ ઓપી સંચાલન	સરકારી હોસ્પિટલ	આરએમઓ/ ડીન અથવા મુકરર અધિકારી	એજન	એજન
૩	ટ્રોલી/ અવરજવર કરવા માટેની સહાય	સરકારી હોસ્પિટલ	આરએમઓ/ ડીન અથવા મુકરર અધિકારી	એજન	એજન
૪	આરએમઓ/ ડીન દ્વારા મુકરર કરેલી અન્ય કોઇ ફરજો જેમાં વધુ ખાસ/ તબીબી જ્ઞાનની જરૂર હોય.	સરકારી હોસ્પિટલ	આરએમઓ/ ડીન અથવા મુકરર અધિકારી	એજન	એજન
૫	સ્ટડી એરિયા/ સ્ટોક એરિયા અને (તેના) સીમાક્ષેત્રની સફાઇ/ નિભાવ	જિલ્લા/ તાલુકા કચેરી/ કાનૂની સહાય ક્લિનિક (કાનૂની સહાય કેન્દ્ર), કોઇ સરકારી ગ્રંથાલય	સચિવ (સેક્રેટરી) ડી.એલ.એસ.એ./ ગ્રંથપાલ/ હવાલો ધરાવનાર અધિકારી	એજન	એજન
૬	પુસ્તકોની ગોઠવણી કરવી, પુસ્તકોની યાદી બનાવવી અથવા કોઇ કારકુની સહાય અથવા બંધાઇ	જિલ્લા / તાલુકા કચેરી/ કાનૂની સહાય ક્લિનિક કોઇ સરકારી ગ્રંથાલય	સચિવ (સેક્રેટરી) ડી.એલ.એસ.એ./ ગ્રંથપાલ/ હવાલો ધરાવનાર અધિકારી	એજન	એજન

અનુ ક્રમાંક	સામુદાયિક સેવા	સેવાનું સ્થળ/ કચેરી	અધિકૃત અધિકારી	દેખરેખ સત્તાધિકારી	સામુદાયિક સેવાનો સમયગાળો
૭	વર્ગખંડો, ગ્રંથાલય, પ્રયોગશાળાઓ, મેદાનો અને (તેના) સીમાક્ષેત્રની સફાઇ	સરકારી શૈક્ષણિક સંસ્થાઓ	એચ.એમ. / આચાર્ય અથવા મુકરર અધિકારી	એજન	એજન
૮	મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઇ કર્મચારી સાથે સફાઇ/ નિભાવ	કોર્પોરેશન/ નગરપાલિકા/ પંચાયત	સંબંધિત કમિશનર/ બી.ડી.ઓ. અથવા મુકરર અધિકારી	એજન	એજન
૯	રસ્તાની આસપાસમાંથી નીંદણ દૂર કરવું	કોર્પોરેશન/ નગરપાલિકા/ પંચાયત	સંબંધિત કમિશનર/ બી.ડી.ઓ. અથવા મુકરર અધિકારી	એજન	એજન
૧૦	જાહેર મકાનોની કોઇ સફાઇ અથવા નિભાવ	જાહેર કચેરીઓ	સંબંધિત અધિકારીઓ	એજન	એજન
૧૧	ટ્રાફિક નિયમન/ ભીડ નિયમન/ જગ્યા/ સ્ટેશનની સફાઇ. સાર્વજનિક વિસ્તારોનો નિભાવ	પોલીસ સ્ટેશન	એસ.એચ.ઓ./ મુકરર અધિકારી	એજન	એજન
૧૨	સફાઇ/ નિભાવ	કોર્પોરેશન/ નગરપાલિકા/ પંચાયતના જાહેર ઉદ્યાનો/ જગ્યાઓ અને દરિયાકિનારો (બીચ)	સંબંધિત કમિશનર/ બી.ડી.ઓ. અથવા મુકરર અધિકારી	એજન	એજન
૧૩	સફાઇ/ નિભાવ	વૃદ્ધાશ્રમ, માનસિક આરોગ્ય સંસ્થાઓ/ હોસ્ટેલ/ સમાજ કલ્યાણ વિભાગના મકાનો	ગૃહપતિ (વોર્ડન)/ હવાલો ધરાવનાર અધિકારી/ મુકરર અધિકારી	એજન	એજન
૧૪	વૃક્ષારોપણ, (વૃક્ષોને પાણી આપવું.) નીંદણ દૂર કરવાનું નિભાવ કાર્ય.	કોર્પોરેશન/ નગરપાલિકા/ પંચાયત	સંબંધિત કમિશનર/ બી.ડી.ઓ. અથવા મુકરર અધિકારી	એજન	એજન
૧૫	સફાઇ/ નિભાવ અથવા કારકુની સહાય	પ્રાણી સંગ્રહાલય/ સંગ્રહાલયો	રેન્જર/ હવાલો ધરાવનાર અધિકારી/ મુકરર અધિકારી	એજન	એજન
૧૬	કોઢ (કેટલ શેડ) ની સફાઇ/ નિભાવ	ગૌશાળા (કાઉ શેડ્સ) પાંજરાપોળ (પશુ આશ્રયસ્થાનો) સરકારી પશુ ચિકિત્સા હોસ્પિટલ	પશુપાલન બોર્ડ નિયામક અથવા/ મુકરર અધિકારી	એજન	એજન

અનુ ક્રમાંક	સામુદાયિક સેવા	સેવાનું સ્થળ/ કચેરી	અધિકૃત અધિકારી	દેખરેખ સત્તાધિકારી	સામુદાયિક સેવાનો સમયગાળો
૧૭	કોર્ટ નિર્દિષ્ટ કેસમાં યોગ્ય ગણે તેવી સામુદાયિક સેવાના ભાગ તરીકેની અન્ય કોઇ ફરજ.	સંબંધિત વિભાગ	સંબંધિત અધિકારી	એજન	એજન

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અમિત કે. ગોહિલ,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.05 22:15:22 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar